**<u>વિદ્યાસહાયકની ભરતી પ્રસંગે પાયાના કોમ્પ્યુટરની DOEACC ધ્વારા લેવાતી ccc પરીક્ષા પાસ કરવાની લાયકાતમાંથી મુકિત આપવા બાબત...</u>**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૦૮-૪૨૨-ક
સચિવાલય,ગાંધીનગર.
તા. ૬- ૬-૨૦૦૮

વંચાણે લીધાઃ- (૧) સા.વ.વિભાગના તા.૩૦-૯-૦૬ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક,
(૨) સા.વ.વિભાગના તા.૮-૨-૦૮ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૭-૩૪૨૨-૭૮-ગ૨,
(૩) સા.વ. વિભાગના તા.૧૭-૧૨-૦૭ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક
(૪) શિક્ષણ વિભાગના તા.૧૬-૧-૦૭ના પરિપત્ર ક્રમાંક-પીઆરઇ-૧૧૦૭-૧૨૯-ક.

ઠરાવઃ-

રાજય સરકારમાં અરજી કરતાં પહેલાં વર્ગ-૩ની જગ્યાની ભરતી માટે ઉમેદવારોએ ccc અભ્યાસક્રમ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરવાની સા.વ.વિ.ના આમુખમાં અનુક્રમ (૧) થી (૩) માં જણાવેલ ઠરાવોથી જોગવાઇ કરવામાં આવેલ છે. તદ્અનુસારની જોગવાઇ વિદ્યાસહાયકની ભરતીમાં પણ લાગુ પાડવા માટે નિર્ણય લેવામાં આવેલ છે. સા.વ.વિ.ના તા.૧૭-૧૨-૦૭ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક થી સીધી ભરતી કે પસંદગી કે અન્ય રીતે પ્રથમ નિમણુંક પામતાં ઉમેદવારો પાસે પાયાના કોમ્પ્યુટરના જ્ઞાનની લાયકાત આવશ્યક ગણાઇ છે. જે રીતે DOEACC ધ્વારા લેવાતી course on computer concept (ccc) કે સર્ટીફીકેટ, ડીપ્લોમા અને ડીગ્રી પદવી સાથેના કોમ્પ્યુટર વિષય માટે અભ્યાસક્રમ જે માન્ય યુનીર્વસિટી/શૈક્ષણિક તાલીમી સંસ્થા ધ્વારા અપાય છે તે સ્વીકૃત ગણવામાં આવેલ છે. સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત તરીકે છે. જો કોમ્પ્યુટરની આ લાયકાતને ધ્યાનમાં રાખી વિદ્યાસહાયકની સીધી ભરતી કરવાની થાય તો પુરતા ઉમેદવાર રાજયમાં મળી શકે નહિ અને શૈક્ષણિક કામગીરી ખોરંભે પડી જાય પરિણામે વહીવટી મુશ્કેલી ઉભી થાય. પી.ટી.સી.માં બે વર્ષમાં કોમ્પ્યુટરનો અભ્યાસક્રમ છે. આમ પી.ટી.સી ના વિદ્યાર્થીઓ બે વર્ષમાં કમ્પ્યુટર્સ ભણે છે. તે જોતાં વિદ્યાસહાયકની સીધી ભરતીમાં વર્ગ-૩માં નિમણુંક વખતે ઉમેદવારો માટે સા.વ.વિભાગના તા.૧૭-૧૨-૦૭ ના પરિપત્રથી નિયત કરેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષામાંથી મુકિત આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી નીચે મુજબ નિર્ણય કરવાનું ઠરાવેલ છે.

(૧) સા.વ.વિ.ની તા.૧૭-૧૨-૦૭ના પરિપત્રથી DOEACC ધ્વારા લેવાતી પરીક્ષા સરકારી નોકરીમાં દાખલ થવા પૂર્વ લાયકાત ગણવામાં આવેલ છે તેમાંથી વિદ્યાસહાયકની સીધી ભરતી માટે મુકિત આપવામાં આવે છે.

(૨) સા.વ.વિભાગની તા.૩૦-૯-૦૬ના ઠરાવની જોગવાઇ અનુસાર ઉમેદવારે વિદ્યાસહાયકની નોકરી મળ્યા બાદ બે વર્ષના સમયગાળા દરમ્યાન ccc પરીક્ષા પાસ કરી લેવાની શરતે નિમણુંક આપવામાં આવશે.

જયારે આવા લાયકાતવાળા ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યારે તેમણે CCC પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

(૩) પી.ટી.સી, સીપીએડ અને એટીડીના અભ્યાસક્રમમાં જ હાલનો CCC અભ્યાસક્રમ દાખલ કરવા જીસીઇઆરટીએ ડીએસટી /જીઆઇએલ ના પરામર્શમાં નિર્ણય કરવાનો રહેશે અને તેની પરીક્ષા ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી,(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
અ.મુ.સચિવશ્રી(ક.ગ),સા.વ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી ,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, પંચાયત ,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી,સાયન્સ અને ટેકનોલોજી પ્રભાગ, સા.વ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા.ગાંધીનગર.
નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર.
સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર.
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા, નગરપાલિકા
નિરીક્ષકશ્રી ,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા.ગાંધીનગર.
શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
શિક્ષણ વિભાગની સર્વે શાખા
સીલેકટ ફાઇલ.